# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૬/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **સુરક્ષા ઔર સન્માન કી ગારન્ટી હૈ ગુજરાત : ઉત્તરપ્રદેશના માન. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી.**
- **રામ અને કૃષ્ણ થયા જ નથી તેવું સુપ્રિમ કોર્ટમાં એફીડેવીટ કરનાર કોંગ્રેસના શહેજાદા મંદિરમાં કોના દર્શન કરવા જાય છે ?**
- **જબ ખુરશી ખતરેમેં આતી હૈ તો કોંગ્રેસ કો રામ ઔર કૃષ્ણ યાદ આતે હૈ.**
- **મત અને મજહબના નામે દેશના ભાગલા કરનારી કોંગ્રેસે દેશના વિકાસમાં રોડા નાંખવાનું કામ કર્યુ છે.**
- **ગુજરાત કી ગૌરવ ગાથા કો લેકર આજ પુરા દેશ ઔર દુનિયા ચલ રહી હૈ.**
- **ભારતરત્ન એવોર્ડ એ કોંગ્રેસ અને ગાંધી પરિવારની જાગીર હોય તેમ કોંગ્રેસ માને છે : યોગી આદિત્યનાથજી.**
- **લિંબાયત અને ચોર્યાસી વિધાનસભામાં જંગી જનસભા યોજાઈ.**

ગુજરાત વિધાનસભા–૨૦૧૭ની ચૂંટણી અંતર્ગત સુરત ખાતે આવેલા ઉત્તરપ્રદેશના લોકપ્રિય મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીએ જણાવ્યું કે ગુજરાતથી રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીજી, લોહપુરૂષ સરદાર પટેલની ભૂમિ છે. ભારતનું સમગ્ર વિશ્વમાં ગૌરવ વધારનારા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી તેમજ વિશ્વમાં ભા.જ.પા.ને સૌથી મોટી પાર્ટી બનાવનાર આદરણીય

રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની ગૌરવશાળી ભૂમિ છે. ગુજરાત એ વિકાસની ભૂમિ છે. ગુજરાતનું વિકાસ મોડલ આજે સમગ્ર દેશ અને દુનિયા માટે અનુકરણીય છે, અભિનંદનીય છે. ગુજરાતનું વિકાસ મોડલ એ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીને આભારી છે. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના પગલે આજે સમગ્ર વિશ્વમાં દેશનું ગૌરવ વધ્યું છે. પુરી દુનિયામાં ભારત પ્રત્યેનો જે માહોલ બદલાયો છે તે અભિનંદનને પાત્ર છે. આજે સમગ્ર વિશ્વ ભારતને આર્થિક મહાસત્તાના રૂપે જોઈ રહ્યો છે. આજે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી વિશ્વના કોઈ પણ ખૂણે જાય તો દુનિયાના દેશો તેમને આવકારવા–સત્કારવા માટે ખડે પગે ઉભા રહેતા હોય છે. મોદીજીના વિકાસ મોડલનું અનુકરણ જગત જમાદાર અમેરીકા પણ કરી રહ્યું છે. આનાથી મોટી ઉપલબ્ધિ આપણા માટે બીજી શું હોઈ શકે ? અમેરીકાના રાષ્ટ્રપતિ જ્યારે ચૂંટણી લડતા હતા ત્યારે અમેરીકન જનતાને કહેતા કે જો તેઓ રાષ્ટ્રપતિ બનશે તો મોદીજીની તર્જ પર અમેરીકાનો વિકાસ કરશે.

કોંગ્રેસની "ભાગલા પાડો અને રાજ કરો"ની નીતિ પર આકરા પ્રહારો કરતા વધુમાં યોગીજીએ જણાવ્યું કે જાત અને મજહબના નામે દેશના ટુકડા કરનારી કોંગ્રેસે દેશને ખુબ મોટું નુકશાન કર્યુ છે. આથી કોંગ્રેસને નેસ્તનાબુદ કરવી એ ગુજરાત અને દેશના હિતમાં છે. આઝાદી પછી ગાંધીજીએ પણ કોંગ્રેસનું વિસર્જન કરી નાંખવાનું કહ્યું હતું. પરંતુ સત્તા લાલચી કોંગ્રેસ બાપુની વાતને પણ માની નહિં. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું સપનું ગુજરાત પુરૂં કરી રહ્યું છે. તે બદલ ગુજરાતની જનતા અભિનંદનને પાત્ર છે.

મંદિર–મંદિર ભટકનારા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને આડે હાથ લેતા યોગીજીએ જણાવ્યું કે રામ અને કૃષ્ણ કાલ્પનિક પાત્રો છે. રામ અને કૃષ્ણ થયાં જ નથી તેવું સુપ્રિમ કોર્ટમાં એફિડેવીટ કરનારા કોંગ્રેસના યુવરાજ શહેજાદા મંદિરમાં કોના દર્શન કરવા જાય છે ? ખુરશી ખતરામાં આવી એટલે કોંગ્રેસને મંદિર યાદ આવે છે. રામ–સેતુ તોડવા નીકળનારી કોંગ્રેસ મંદિરના નામે ગુજરાતની જનતાને મૂર્ખ બનાવવાનો પ્રયત્ન કરી રહી છે. "મત અને મજહબ"ના આધારે દેશના ટુકડા કરનારી કોંગ્રેસ ક્યારેય દેશનું ભલું કરી શકે નહિ. કોંગ્રેસ દેશ માટે સંકટ છે આથી કોંગ્રેસને નેસ્તનાબુદ કરવું ખુબ જરૂરી છે.

સરદાર પટેલનું અપમાન કરનારી, સરદાર સાહેબને સતત અન્યાય કરનારી કોંગ્રેસ આજે સરદાર સાહેબનું નામ વટાવવાની કોશિશ કરી રહી છે. ભારત રત્ન પર કોંગ્રેસ અને ગાંધી પરિવારનો જ હક હોય તેમ ૪૧–૪૧ વર્ષ સુધી કોંગ્રેસે સરદાર સાહેબને ભારત રત્ન એવોર્ડ આપ્યો ન હતો.